



શ્રી ઉમિયા માતાય નમઃ

શ્રી ગણેશાય નમઃ

સ્થાપના વર્ષ: 1983

# શ્રી મોટા બાવન કડવા પાટીદાર સમાજ પ્રગતિ મંડળ, વડોદરા

website: mota52kpvadodara.org

## :: 40 મી વાર્ષિક સાધારણ સભા ::

### સ્થળ:

શાંતનુ પાર્ટી પ્લોટ, છાણી ગુરુદ્વારા ની સામે, છાણી, વડોદરા

### તારીખ તથા સમય:

22 ડિસેમ્બર 2024 (રવિવાર) સવારે 9:00 થી રાત ના 9:00 વાગ્યા સુધી

### ભોજનના દાતાશ્રી:

વડોદરા સ્થિત મોટા બાવન કડવા પાટીદાર સમાજ ના સમસ્ત શીંહી ગામની દીકરીઓ તથા ભાઈઓ

### શૈક્ષણિક ઇનામના દાતા શ્રી:

હિતેન્દ્રભાઈ મુળચંદભાઈ પટેલ (રાલીસણા)

### કાર્યક્રમની રૂપરેખા:

- સવારે રમત ગમત રમાડવામાં આવી.
- બપોરે સહભોજન.
- આદરણીય મહેમાનો, દાતાશ્રીઓ તથા વડીલોના હસ્તે દીપ પ્રાગટ્ય થયું.
- તાન્યા જયદીપભાઈ પટેલ (રાલીસણા) દ્વારા પ્રાર્થના/સ્વાગત ગીત રજુ કરવામાં આવ્યું.
- મંત્રીશ્રી ભરતભાઈ પી. પટેલે સ્વાગત પ્રવચન આપ્યું તથા સભાનું સંચાલન કર્યું.
- ધ્યાની રિગ્નેશભાઈ પટેલે (કંસારાકુઈ) સંસ્કૃત શ્લોકો અને માતા સરસ્વતીના શ્લોકોનું આહવાન કર્યું.
- “શ્રી મોટા બાવન કડવા પાટીદાર સમાજ પ્રગતિ મંડળ, વડોદરા” દ્વારા આમંત્રિત મહેમાન શ્રી અશોકભાઈ ચીમનલાલ પટેલ તથા અમદાવાદના હોદેદાર શ્રીનું સ્વાગત કરવા આવ્યું.

- “શ્રી મોટા બાવન કડવા પાટીદાર સમાજ પ્રગતિ મંડળ, વડોદરા” દ્વારા વડોદરા સ્થિત મોટા બાવન કડવા પાટીદાર સમાજ ના સમસ્ત શીંહી ગામની દીકરીઓ તથા ભાઈઓ વતી શ્રી જીતુભાઈ ટી. પટેલનું સન્માન કરવામાં આવ્યું જેઓ 40 મી વાર્ષિક સાધારણ સભાના “ભોજન દાતા” હતા.
- “શ્રી મોટા બાવન કડવા પાટીદાર સમાજ પ્રગતિ મંડળ, વડોદરા” દ્વારા શ્રી હિતેન્દ્રભાઈ એમ. પટેલ (રાલીસણા) નું સન્માન કરવામાં આવ્યું જેઓ 40 મી વાર્ષિક સાધારણ સભાના “શૈક્ષણિક ઇનામ દાતા” હતા.
- શ્રી. શૈલેષભાઈ કે. પટેલની “શ્રી વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન” માં મધ્ય ગુજરાતના “પ્રભારી” તરીકે નિયુક્ત થવા બદલ શ્રી કાંતિભાઈ વી. પટેલ, શ્રી ભુપેન્દ્રભાઈ ટી. પટેલ, શ્રી ઈશ્વરલાલ એ. પટેલ તથા શ્રી રેવાભાઈ બી. પટેલ દ્વારા “શ્રી મોટા બાવન કડવા પાટીદાર સમાજ પ્રગતિ મંડળ, વડોદરા” વતી સન્માન કરવા આવ્યું હતું.
- દાતાશ્રી વડોદરા સ્થિત મોટા બાવન કડવા પાટીદાર સમાજ ના સમસ્ત શીંહી ગામની દીકરીઓ તથા ભાઈઓ વતી શ્રી જીતુભાઈ ટી. પટેલ અને શિહી ગામના દીકરી શ્રીમતી જશીબેન બી. પટેલ દ્વારા પ્રાસંગિક પ્રવચન અને આશીર્વચન આપી સમાજને શુભેચ્છા પાઠવી હતી.
- પ્રમુખશ્રી ચંદુભાઈ એમ. પટેલ દ્વારા સૌનો સહકાર અને કારોબારી મિત્રોની મહેનત ને બિરદાવી હતી.
- અમદાવાદથી પધારેલ દીકરી કૃતિબેન નરેન્દ્રભાઈ પટેલ દ્વારા આ 4G-5G ના જમાનામાં બાળકોમાં સંસ્કારનું સિંચન અને યુવાનોના સામાજિક વિકાસ સુધી પહોંચવા પરિવારની ભૂમિકા પર પ્રવચન આપ્યું હતું.
- તાન્યા જયદીપભાઈ પટેલ (રાલીસણા) દ્વારા સોશ્યિલ મીડિયાની ઉપયોગીતા તથા તેના દ્વારા થતા ફાયદા તથા નુકશાન વિષે માહિતી આપવામાં આવી હતી.
- કિમાયા નિકુંજભાઈ પટેલ (પિલુદરા) દ્વારા "Fun without Technology" પર વક્તવ્ય આપ્યું હતું.
- સ્નેહમિલનના મુખ્ય અતિથિ અને અમદાવાદથી પધારેલ શ્રી અશોકભાઈ પટેલ તેમના વ્યક્તવ્યમાં સામાજિક પરિવર્તન જેવા ગંભીર વિષય પર રજૂઆત કરી હતી. વીસ-ત્રીસ વર્ષ પહેલાં યોજાતા સામાજિક સ્નેહમિલન અને અત્યારના સમયમાં યોજાતા સ્નેહમિલનની તુલના કરી પાટીદાર સમાજ દ્વારા સાહજિક રીતે પરિવર્તન સ્વીકારી લેવાની આવડત વિશે અને તેના માટે થતા વૈચારિક મતભેદ પર પ્રકાશ પાડ્યો હતો.
- ધેય કેલવીશભાઈ પટેલ (હાજીપુર)  દ્વારા "Importance of Time" પર વક્તવ્ય આપ્યું હતું.
- દેવાંશી પ્રતિકભાઈ પટેલ તથા આરવ પ્રતિકભાઈ પટેલ (હાજીપુર) દ્વારા પિયાનો પર સંગીત સાથે શ્રી રામચંદ્ર ભગવાનની સ્તુત કરવામાં આવી.
- અક્ષજ પાર્થિવભાઈ પટેલ (મલેકપુર) દ્વારા ગીતાના અધ્યાય પાંચ (કર્મ સન્યાસ) ના શ્લોકોનું ગાન કરવામાં આવ્યું હતું.
- જીના રવીન્દ્રભાઈ પટેલ (દેદિયાસન) દ્વારા પ્રાથના ગીત રજુ કરવામાં આવ્યું હતું.
- નક્ષ જયદીપભાઈ પટેલ (રાલીસણા) દ્વારા "Health is Wealth" પર વક્તવ્ય આપ્યું હતું.
- ફર્ઝ્ સંજયભાઈ પટેલ (ગાગલાસન) દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે "શિક્ષણ ના ભાર" વિષય પર

પોતાના વિચારો વ્યક્ત કર્યા.

- અધ્યક્ષ શ્રી શૈલેષભાઈ પટેલ દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ, યુવાનોની સામાજિક કાર્યમાં ભાગીદારી, સામાજિક એકતાને ધર્મ સાથે જોડી તેમની આગવી શૈલીમાં સટિક પ્રવચન આપ્યું હતું.
- વર્ષ 2024 દરમિયાન શૈક્ષણિક ક્ષેત્રે સારો દેખાવ કરનારને શૈક્ષણિક ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું.
- ઉપપ્રમુખ શ્રી જયેશભાઈ કે. પટેલ દ્વારા રમૂજ શૈલીથી કુરિવાજો પર ચર્ચા કરી હતી.
- ખજાનચી શ્રી જયદીપ ભાઇએ વાર્ષિક હિસાબની રજૂઆત કરી હતી.
- સલાહકાર શ્રી અશ્વિનભાઈ દ્વારા નવી કારોબારી અને હોદ્દેદારો ની વરણી કરી પ્રગતિ મંડળ સૌને સાથે રાખી કામ કરે તેવી શુભેચ્છા પાઠવી હતી. શ્રી ચંદુભાઈ એમ. પટેલ પ્રમુખ પદે તથા શ્રી જયંતીભાઈ વી. પટેલ તથા શ્રી પ્રકાશચંદ્ર એમ. પટેલ દ્વારા કારોબારી સભ્યોમાંથી સ્વૈચ્છિક સેવા નિવૃત્તિ ઇચ્છતા શ્રી જયેશભાઇ કે. પટેલની પ્રમુખ પદે, શ્રી પ્રવીણભાઈ જી. પટેલની ઉપપ્રમુખ પદે તથા શ્રી પાર્થિવભાઈ બી. પટેલ તથા શ્રી મનોજભાઈ કે. પટેલની  કારોબારી સભ્ય તરીકે વરણી કરવામાં આવી.
- શ્રી ચંદુભાઈ એમ. પટેલે પ્રગતિ મંડળ માં કારોબારી સભ્ય, સહમંત્રી, મંત્રી તથા પ્રમુખ પદે 28 વર્ષની સેવા આપવા બદલ પ્રગતિ મંડળના કારોબારી સભ્યોએ સાલ ઓઢાળી સન્માન કર્યું હતું.
- સહમંત્રી શ્રી જયેશભાઈ જી. પટેલે ઈનામ વિતરણ સંકલન અને આભારવિધિ કરી હતી.
- સાંજે સહભોજન.

## આવનારા સમયના દાતાશ્રી:

- આજીવન વડોદરા પ્રગતિ મંડળના કોઈપણ દીકરા કે દીકરીએ IIT અથવા NIT જેવી પ્રતિષ્ઠિત કોલેજમાંથી એન્જિનિયરિંગની ડિગ્રી પ્રાપ્ત કરી હોય, M.B.B.S., M.D., અથવા C.A. જેવી ઉચ્ચતમ શૈક્ષણિક ડિગ્રી મેળવી હોય, GPSC અથવા UPSC જેવી પ્રતિષ્ઠિત પરીક્ષાઓ પાસ કરી હોય, અથવા રાજ્ય કક્ષાએ કોઈ મહત્વપૂર્ણ એવોર્ડ જીત્યો હોય, તો તેમને ડૉ. અભય શૈલેષભાઇ પટેલ, ડૉ. યશ શૈલેષભાઇ પટેલ અને ડૉ. ઓમ સમીરભાઇ પટેલ દ્વારા 'કેશવ પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવશે.
- વડોદરા સ્થિત મોટા બાવન કડવા પાટીદાર સમાજ ના સમસ્ત હાજીપુર ગામના ભાઈઓ દ્વારા આવનારી વાર્ષિક સાધારણ સભાના ભોજન તથા શૈક્ષણિક ઇનામ દાતા તરીકે નામ નોંધાવવા માં આવ્યુ.
- વડોદરા સ્થિત મોટા બાવન કડવા પાટીદાર સમાજ ના સમસ્ત રણછોડપુરા ગામના ભાઈઓ દ્વારા આવનારી વાર્ષિક સાધારણ સભાના ભોજન દાતા તરીકે નામ નોંધાવવા માં આવ્યુ.